જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૦૮/૨૦૨૨  સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૧૩૬૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૨,૭૨,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૩૦૧ લીટર દેશી દારૂ, ૨૯૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૫૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૬૭/૨૦૨૨

**વટવા જીઆઇડીસીઃ** ધ્રુવલભાઇ સુરેશભાઇ પટેલ (રહે. વૃંદાવન વિહાર સોસાયટી આર.એ.એફ કેમ્પ સામે વસ્ત્રાલ) એ તા.૩૧/૦૭/૨૦૨૨ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૨૦/૦૭/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેઝ-૪ પ્લોટ નંબર-૨૩૦૫ કાર્તિક એન્જીનીયર્સ પ્રા.લી. કંપનીના શેડમાં પેનલ બોર્ડ વિભાગના છતનુ પતરૂં તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી અલગ-અલગ સ્ક્વેર એમ.એમ.ના કેબલ, કોપરના પાટા, કોપરની કોઇલ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૫,૬૭૫/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૩૬૮/૨૦૨૨

**"એમ" ડીવી. ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાજસ્થાન જી.નાગોર તા.ખીમસર ગામ. તાંતવાસ ખાતે રહેતા અને અમદાવાદ ખાતે સુથારીકામ કરતા નરેન્દ્રસિંગ જેઠુસિંગ ભાટી (ઉ.વ.૧૯)(રહે.સેક્ટર-૨, ચાણક્યપુરી) તા.૩૦/૦૭/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ સર્વિસ રોડ ઉપર તાજ હોટલ પાસે થી એક્સેસ સ્કુટર ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ડમ્પર ટ્રક નંબર જીજે.૦૧.જે.ટી.૭૧૬૦ ના અજાણ્યા ચાલકે પોતાના કબજાની ડમ્પર ટ્રક પુરઝડપે અને બેદરકારી થી ચલાવી લાવતા અકસ્માત કરતા ડમ્પર ટ્રકનું ટાયર નરેન્દ્રસિંગના માથાના ભાગે ચડી જતા ગંભીર ઇજા થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની ફરીયાદ મરણજનાર નરેન્દ્રસિંગના બનેવી ઓમસિંગ રાઠોડ એ "એમ" ડીવી. ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૯/૨૦૨૨**

**નવરંગપુરાઃ** જય રાજુભાઇ વછેટા (ઉ.વ.૨૫) (રહે. હરસિધ્ધબાગ સોસાયટી રેવામણી હોલ સામે જનતાનગર રોડ ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી.રોડ દીપકલા કોમ્પલેક્ષમાં બ્રાઇટ ક્લીનર્સ નામની દુકાન ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** યુવરાજભાઇ સ/ઓ દીનેશભાઇ સોલંકી (ઉ.વ.૧૮) (રહે. સૌરાષ્ટ્ર સોસાયટી ભુદરપુરા રોડ આંબાવાડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણજીતસિહ મોહનસિંહ ચલાવે છે.

**શાહીબાગઃ** સજ્જનસિંહ હીરાલાલ ગુર્જર (ઉ.વ.૨૧) (રહે. પ્રિતમપુરા સોસાયટી ગેટ નંબર-૨ ગિરધરનગર શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**રામોલઃ** પ્રજ્ઞેશકુમાર વાસુદેવ પટેલ (ઉ.વ.૩૯) (રહે. અજય ટેનામેન્ટ વિભાગ-૨ રીટાનગર પાસે વસ્ત્રાલ) એ બીમારીથી કંટાળી તા.૩૧/૦૭/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે સીડીના કઠેરાની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી